AMC Medical Education Trust

AMC MET
EST.No. 1592

# ઠરાવ

ચેરમેનશ્રી, એ.એમ.સી.મેડી.એજ્યુ.ટ્રસ્ટ તા.૧૭.૨.૨૦૧૮ની મળેલ મંજૂરી અનુસાર એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ/ એલ.જી.જન.હોસિપટલ ખાતે પ્રોફેસર ઓફ ઓર્થોપેડીક તરીકે ફરજ બજાવતા ડો.પિયુષ એન.પરીખ કે જેઓ તા.૩૧.૭.૨૦૧૭ના ઓફિસ અવર્સ બાદ વય મર્યાદાના હિસાબે નિવૃત્ત થયેલ અને જેઓને ટર્મ એન્ડીંગના લીધે તા.૩૧.૧૦.૨૦૧૭ સુધી ફરજ ઉપર ચાલુ રાખવામાં આવેલ. તેઓને તા.૧.૧૧.૨૦૧૭થી એક વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધીન રહી ફીકસ રુ.૧,૦૦,૦૦૦/-(અંકે રુપિયા એક લાખ) માસિકથી કરાર આધારીત નીમણૂંક આપવામાં આવે છે.

## શરતો

૧) ડો.પિયુષ પરીખની પ્રોફેસર ઓફ ઓર્થોપેડીકની નીમણૂંક તા.૧.૧૧.૨૦૧૭ થી એક વર્ષ માટે કરાર આધારીત રહેશે.

૨) ડો.પિયુષ પરીખે એલ.જી.જન.હોસ્પિટલ ખાતે સોમવાર થી શુક્રવાર સવાર ૮:૪૫ થી ૪:૧૫ તેમજ શનિવારે સવારે ૮:૪૫ થી ૧૨:૧૫ દરમ્યાન ફરજો બજાવવાની રહેશે.

૩) એલ.જી.જન.હોસ્પિટલ તરફથી ડો.પિયુષ પરીખને ઈમરજન્સી ડયુટી સોંપવામાં આવે તે તેમણે કરવાની રહેશે.

૪) કરાર અધારીત નિયુકિત સમય દરમ્યાન તેઓને હકક રજા , માંદગી રજા , વિગેરે મળવા પાત્ર થશે નહિ. પરંતુ તેઓને વાર્ષિક (૧૫) કેજયુલ રજાઓ મળી શકશે. જે તેઓએ અગાઉથી મંજૂર કરાવવાની રહેશે.

૫) અન્ય મ્યુ.કર્મચારીઓને મળતી વૈદકીય યોજનાનો લાભ તેઓને મળી શકશે અને તેમની સારવારનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો મ્યુ.કર્મચારીઓને જે ધોરણે મ્યુ.હોસ્પિટલોમાં સુવિધાઓ મળે છે તે તેમને મળી શકશે.

૬) એ.એમ.સી.મેટના કર્મચારીઓ/ અધિકારીઓ માટે અમલમાં છે તે એલ.ટી.સી.ના લાભો તેમને મળી શકશે નહિ.

૭) કરાર આધારીત નિયુકિતના કોન્ટ્રાકટ સમય દરમ્યાન પ્રોવીડન્ડ ફંડ, ગ્રેજયુઈટીના કોઈ લાભ તેમને મળી શકશે નહિ.

૮) ડો.પિયુષ પરીખને એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ ખાતે સંલગ્ન એલ.જી.જન.હોસ્પિટલ ખાતે પ્રોફેસર ઓફ ઓર્થોપેડીક તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓએ મેડીકલ સુપ્રિ.શ્રી / ડીનશ્રી, એ.એમ.સી.મેટ મેડી.કોલેજ ફરજો સોંપે તે બજાવવાની રહેશે અને આ કામગીરી સામાન્ય સંજોગોમાં તેમની ફરજના સમય મર્યાદાને ધ્યાનમાં રાખ્યા સિવાય કરવાની રહેશે.

૯) એ.એમ.સી.મેડીકલ એજયુ.ટ્રસ્ટના કર્મચારીઓ/અધિકારીઓને લાગુ પડતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડીસીપ્લીન અને કન્ટકટના નિયમો જે વખતો વખત અમલમાં છે તે ઉપરોકત સમય દરમ્યાન તેઓને બંધન કર્તા રહેશે.

૧૦) કોન્ટ્રાકટના સમય દરમ્યાન તેઓને સોંપવામાં આવેલ કામગીરીમાંથી તેઓ છુટા થવા ઈચ્છા ધરાવતા હશે તો તે મતલબની તેઓએ ડીનશ્રી, એ.એમ.સી.મેડી.કોલેજને એક માસની નોટીસ આપવાની રહેશે.

૧૧) કરારની શરતોનો ભંગ થયેલ જણાય તો એ.એમ.સી.મેડી.એજયુ.ટ્રસ્ટ એક માસની નોટીસ આપી સોંપવામાં આવેલ કામગીરીમાંથી તેઓને છુટા કરી શકશે.

૧૨) ડો.પિયુષ પરીખે તેમની હાજરી બાયોમેટ્રીકમાં ભરવાની રહેશે.

તા.૨૭/૦૨/૨૦૧૮

સહી/-
(ડો.હર્ષિત ગોસાવી)
સેક્રેટરી
એ.એમ.સી.મેટ

(પ્રશાંત એ. પંડયા)
ડાયરેકટર
એ.એમ.સી.મેટ

નકલ રવાના :
૧) ડીનશ્રી, એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ
૨) મેડીકલ સુપ્રિ.શ્રી, એલ.જી.જન.હોસ્પિટલ
૩) ડો.પિયુષ પરીખ - પ્રોફેસર ઓફ ઓર્થોપેડીક,એલ.જી.જન.હોસ્પિટલ

**Registered Office:**
Ahmedabad Municipal Corporation, Dr. Ramanbhai Patel Bhavan, Usmanpura, Ahmedabad - 380 013.
Phone : (O) +91-79-27551122, Fax : +91-79-2755 1299

**Present Office Address:** Ground Floor, N. H. L. Municipal Medical College Premises, V. S. Hospital Compound, Ashram Road, Ahmedabad - 380 006. Telephone No. 07926577621 - Ext. 403, Fax No. 07926579185
Email: amcmet2008@gmail.com, Website : www.amcmet.org